ગાંધીનગર સમાચાર

## લગ્નસરાની સિઝનના લીધે સલામત સવારીની સેવા પર વિપરિત અસર

# આજે અને કાલે પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા પરીક્ષાઓ

### ગ્રામસેવક માટે બે કેન્દ્રો તો જુનિયર ક્લાર્કની પરીક્ષા માટે ૩૮ શાળા અને ૧૨ રૂટ નિયત કરાયા

ગાંધીનગર, તા. ૧૭

પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા ૧૮ અને ૧૯ તારીખે ગ્રામ સેવક તેમજ જુનિયર ક્લાર્ક સંવર્ગની યોજાનાર પરીક્ષાઓની તૈયારીઓ આજે તંત્રએ પૂર્ણ કરી લીધી છે.

જિલ્લામાં ગ્રામ સેવક સંવર્ગની પરીક્ષા માટે બે કેન્દ્રો નિયત કરવામાં આવ્યા છે. સાંજે ૪ થી ૫ના સમય દરમ્યાન આ પરીક્ષા યોજવામાં આવનાર છે. જિલ્લામાં ૪૨ ગ્રામ સેવકની જગ્યા સામે ૫૧૧ જેટલા ઉમેદવારો નોંધાયેલા છે.

રવિવારે યોજાનાર જુનિયર ક્લાર્ક સંવર્ગ માટે તંત્રએ સારી એવી કવાયત કરી છે. ૩૮ જેટલી શાળાઓમાં આ સ્પર્ધાત્મક પરીક્ષા યોજાશે અને તે માટે ૧૨ જેટલા રૂટ નિયત કરવામાં આવ્યા છે.

જિલ્લામાં જુનિયર ક્લાર્ક સંવર્ગની ૧૭ જગ્યાઓ માટે યોજાનાર આ પરીક્ષામાં ૧૨ હજારથી વધુ ઉમેદવારો નોંધાયેલા છે. આ સ્પર્ધાત્મક પરીક્ષા માટે તંત્રએ નવ જેટલા અધિકારીઓને વિજીલન્સ અધિકારી તરીકે નિયત કરેલા છે.

આ પરીક્ષાનું વિડીયો રેકોર્ડીંગ પણ કરાશે. આ ઉપરાંત સી.સી.ટી.વી. કેમેરાથી પણ બાજનજર રાખવામાં આવશે.

આ પરીક્ષામાં પણ ઓ.એમ.આર. શીટ પર પરીક્ષાર્થીના અંગુઠાનું નિશાન લેવામાં આવશે તેમજ પરીક્ષા પૂર્ણ થયા તમામ પેપર અને ઓ.એમ.આર. સીટ પંચાયત સેવા પસંદગી મંડળના સર્વર પર સ્કેન કરી અપલોડ કરી દેવામાં આવશે.

# ૨૦મીએ વિધાનસભા ઘેરાવને લઈ કોંગ્રેસે આજે બેઠક યોજી વ્યુહરચના ઘડી

### પંચાયતના સરદાર હોલમાં પક્ષના ચુનંદા આગેવાનો અને કાર્યકરોને જ બોલાવી વ્યુહરચના તૈયાર કરાઈ




ગાંધીનગર, તા. ૧૭

૨૦મી વિધાનસભા ઘેરાવના કોંગ્રેસ દ્વારા અપાયેલા એલાનને પગલે આજે જિલ્લા પંચાયતના સરદાર હોલમાં સંગઠનના આગેવાનોની એક મહત્વની બેઠક મળી હતી. આ બેઠકમાં ૨૦મીએ જિલ્લા એકમ દ્વારા કરવાની થતી વ્યવસ્થાઓ અંગે જવાબદારીઓ સુપ્રત કરવામાં આવી હતી. આ ઉપરાંત સત્યાગ્રહ છાવણી પાસે તૈયારીમાં કોઈ પણ પ્રકારની કમી ના રહે તે જોવા માટે પણ ખાસ સૂચના આપવામાં આવી હતી.

૧૮મીએ નલિયાથી શરૂ થતી રેલી ૨૦મીએ ગાંધીનગર આવી પહોંચે ત્યારે તેનુ સ્વાગત જિલ્લાની હદમાં થાય તે વખતે સૌથી વધુ લોકો જોડાય તે માટેનું આયોજન કરવાની પણ વ્યવસ્થા કરવા આ બેઠકમાં જણાવાયુ છે.

એક કલાક સુધી ચાલેલી આ બેઠકમાં જિલ્લા સંગઠનના થોડાક

● અનુસંધાન પાન-૭ પર

# રેતી-કાંકરીમાંથી વિકાસના કામોની ઝડપી મંજૂરી માટે કોંગી સભ્યો ડીડીઓને મળ્યા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લા પંચાયતની રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી વિકાસના કામો માટેની વહીવટીય મંજૂરી માટે આજે કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકી સહિતના તમામ સમિતિના ચેરમેનો અને કેટલાક સભ્યો આજે જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈને રૂબરૂ મળ્યા હતા.

આ સભ્યોએ તલાટીઓની બદલી, સમિતિના સચિવો દ્વારા તંત્રમાં કરાતી બદલીમાં ચેરમેનોને વિશ્વાસમાં નહિ લેવાતા હોવા સહિતની ફરિયાદો પણ કરી હોવાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રેતી-કાંકરીની ગ્રાન્ટની રકમ બે વર્ષથી વણવપરાયેલી રહી છે. સભ્યોએ આ માટે કામો સૂચવી દીધા છે. પરંતુ કેટલાક કામો જે આ અંગેની નિયત થયેલ માર્ગદર્શક નીતિ અંતર્ગત ન હોવાનું જણાતાં તંત્રએ તેને અલગ તારવ્યા છે.

આ બાબત સામાન્ય સભામાં મંજૂરી મળી ગયા બાદ ઝડપથી વહીવટીય મંજૂરી આપી શકાય તે માટે તંત્રએ પૂરતી તૈયારી કરી લીધી છે.

આજે આ સભ્યોએ સામાન્ય સભાની મંજૂરીની અપેક્ષાએ પણ વહીવટીય મંજુરી આપવાનો જિલ્લા વિકાસ અધિકારીને આગ્રહ કર્યો હોવાનું જાણવા મળેલ છે.

આજે જિલ્લા વિકાસ અધિકારીનો મળવા ગયેલા ચેરમેનોમાં અરવિંદસિંહ સોલંકી, ગીતાબેન પટેલ, એલ.એન. પરમાર ઉપરાંત પાંચથી વધુ સભ્યો મળવા પહોંચ્યા હતા.

આ સભ્યોએ સમિતિના સચિવો દ્વારા કરવામાં આવતી કર્મચારીઓની બદલીમાં તેમને વિશ્વાસમાં લેવામાં આવતા નહિ હોવાની રજુઆત કરી હતી. આ ઉપરાંત તલાટીઓની બદલી માટે અને ઘટની સમસ્યાને લઈ રજુઆત કરી હતી.

આ સભ્યોએ વિસ્તાર વિકાસના કામો માટે પણ ઝડપથી મંજૂરી આપવામાં આવે તેવો આગ્રહ પણ રજુઆત દરમ્યાન કર્યો હતો. સભ્યોનો આગ્રહ છે કે પંચાયતના બીજા તબક્કાની ચૂંટણી પહેલાં વહીવટીય અને તાંત્રિક મંજૂરી મળી જાય અને વિકાસના કામો ઝડપથી હાથ ધરાય તેવો આગ્રહ કર્યો હતો.






દેશી ફ્રીઝ - ઉનાળાના આગમનના પગલે માર્ગો પર માટલાના વેચાણ કેન્દ્રો નજરે પડે છે... ત્યારે માટલાના ઘડવાની પ્રક્રિયા પણ ગતિમાં આવે છે... ગાંધીનગરના પાદરે નાનકડા ગામમાં માટલા ઘડવામાં ઓતપ્રોત કારીગર માટલાને ટીપી-ટીપીને તૈયાર કરે છે... માટીમાંથી માટલુ ઘડવાની અદ્દભૂત કારીગરી પાણીને ઠંડુ પાડે અને જીવ માત્રને શાતા આપે છે... આ પ્રક્રિયા અને પરંપરા વંદનીય છે....

# સે-૨૭ની સ્વસ્તિક સોસાયટીમાં દુર્ગંધયુક્ત અને ડહોળા પાણીથી રોગચાળાનો ખતરો

### સેક્ટરમાં છેલ્લા દસ દિવસથી પીળા રંગનુ પાણી આવે છે : ત્વરિત પગલા લેવા માંગ

ગાંધીનગર તા ૧૭

સે-૨૭ માં સ્થિત સ્વસ્તિક સોસાયટીમાં છેલ્લા ૧૦ દિવસથી ડહોળુ અને દુર્ગંધયુકત પાણી આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. પાણી અને ગટર લાઈનમાં લીકેજ હોવાની સમસ્યા ઉદભવી હોવાનુ પણ સ્થાનિક રહીશો જણાંવી રહયા છે. ડહોળા પાણીની સમસ્યાના લીધે સ્થાનિકોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાયો છે. સેકટરમાં પાણીની ગુણવત્તા ચકાસી પીવાલાયક પાણી સપ્લાય કરવા માટે નાગિરકોએ ઉગ્ર માંગ કરી છે.

શહેરના જુના સેકટરોમાં સે-૨૭ માં સ્થિત સ્વસ્તિક સોસાયટીમાં છેલ્લા ઘણાં સમયથી પાણીની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ સર્જાયો છે. સોસાયટીના પ્રમુખ રાજુભાઈ ગોરના જણાંવ્યા મુજબ સોસાયટીમાં છેલ્લા ૧૦ દિવસથી પાણીની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ મંડરાયો છે. સોસાયટીમાં રોજબરોજ ડહોળુ અને દુર્ગંધયુક્ત પાણી આવતા રહીશો મુશ્કેલીમાં મુકાયા છે. અત્યંત દુર્ગંધયુકત પાણી આવતા સેકટરવાસીઓમાં રોગચાળાનો ખતરો મંડરાયો છે. જયારે સેકટરમાં કોઈક ઠેકાણે પાણી તેમજ ગટર લાઈન ભળી જતા આ સમસ્યા સર્જાઈ હોવાનુ પણ મનાઈ રહયુ છે. પાણી પીળાશ પડતા રંગનુ આવે છે. દુર્ગંધયુક્ત પાણી પીવા માટે પણ યોગ્ય ન હોવાથી ત્વરિત આ મામલે પગલા લેવાય તેવી પ્રબળ માંગ કરવામાં આવી છે. સોસાયટીમાં પ્લોટ નં-૧૦૭૮ થી ૧૧૫૨ સુધીના મકાનોમાં છેલ્લા ૧૦ દિવસથી પાણીની ગુણવત્તાનો પ્રશ્ન સર્જાયો છે.ત્યારે આ મામલે સ્થાનિક રહીશો દ્વારા મહાનગરપાલિકાના કમિશ્નર સમક્ષ પણ રજુઆત પણ કરવામાં આવી છે. પરંત હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી. વધુમાં આ અંગે સે-૨૪ ની ઈન્કવાયરી કચેરીમાં પણ સ્થાનિક અગ્રણીઓ દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી. પરંતુ કાઈ પગલા લેવાયા નથી. શહેરના નવા સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ ન હોવાની વ્યાપક ફરિયાદોની સાથે નગરના જુના સેકટરોમાં પાણીની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ મંડરાતા સેકટરવાસીઓના આરોગ્ય સામે પણ ખતરો મંડરાયો છે. સ્થાનિક નાગરિકો દ્વારા ત્વરિત આ ફરિયાદ નિવારવા માટે રજુઆત કરવામાં આવી છે.

# નલીયા દુષ્કર્મકાંડની તપાસ હાઈકોર્ટના સીટીંગ જજની દેખરેખમાં કરાવવા કોંગ્રેસની માંગ

### પ્રતિનિધિમંડળે રાજ્યપાલને આપ્યું આવેદનપત્ર



ગાંધીનગર, તા. ૧૭

નલીયા દુષ્કર્મકાંડની હાઈકોર્ટના સીટીંગ જજ દ્વારા તપાસ કરાવવાની માંગણી સાથે ગુજરાત કોંગ્રેસે રાજ્યપાલને આવેદનપત્ર આપીને એવી ચીમકી ઉચ્ચારી છે કે જો હાઈકોર્ટના સીટીંગ જજ દ્વારા તપાસની જાહેરાત નહી થાય તો વિધાનસભાગૃહની કાર્યવાહી ચાલવા નહી દઈએ.

ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ ભરતસિંહ સોલંકી અને વિપક્ષી નેતા સંકરસિંહ વાઘેલાની આગેવાનીમાં કોંગ્રેસના એક પ્રતિનિધિ મંડળે રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીને મળીને આવેદનપત્ર આપી નલીયા દુષ્કર્મ કાંડની તપાસ હાઈકોર્ટના સીટીંગ જજ મારફત કરાવવાની માંગણી કરી હતી.

કોંગ્રેસના પ્રતિનિધિ મંડળે રાજ્યપાલશ્રીને આપેલા આવેદનપત્રમાં જણાવ્યુ છે કે કોંગ્રેસ દ્વારા આ ઘટનાને ગંભીરતાથી લેવામાં આવી રહી છે ત્યારે અમારી માંગણી છે કે નલીયા દુષ્કર્મકાંડમાં પિડીત મહિલાઓને સંપૂર્ણ ન્યાય મળે તે માટે સીટીંગ હાઈકોર્ટ જજની દેખરેખ હેઠળ તપાસ થાય તો જ પિડીતાઓને ન્યાય મળશે અને જનતાનો ભરોસો કાયમ રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

# આગામી સપ્તાહમાં કમોસમી વરસાદની શક્યતા : અંબારામ

### ઋતુનો સંધિકાળ બેવડી ઋતુનો અહેસાસ કરાવશે જાણીતા હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલનું અનુમાન

ગાંધીનગર, તા. ૧૭

રાજ્યમાં હવામાન પલટાના યોગને જોતા હવે ધીરે ધીરે ઉનાળાનો અહેસાસ થતો જશે. તા. ૧૯મી ફેબ્રુઆરીથી ગરમી આવે અને હજુ પણ વાદળો આવે ત્યારે તા. ૧૭મી માર્ચથી ગરમી ઘણી વધે તેમ શક્યતાઓ છે. આ સાથે વાદળછાયુ વાતાવરણ અને કમોસમી વરસાદની વકી શહેરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલે વ્યક્ત કરી છે.

ગત દિવસોમાં હવામાનમાં વારંવાર પરિવર્તન થયેલ છે. પશ્ચિમી વિક્ષેપની અસરોથી જનજીવન પ્રભાવિત થયુ હતુ અને ઉભા કૃષિ મોલ ઉપર પણ વિશ્વમાં અસર વર્તાઈ હતી. હવે ઋતુમાં પરિવર્તન આવતા

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૮ જી આઈ ડી સી વિસ્તારમાં ગટર લાઈનની સમસ્યા નિવારવા કામ શરૂ

### ગ-માર્ગને જોડતી નવી લાઇન નાંખવામાં આવશે : વર્ષો જુની સમસ્યાનો અંત આવશે

ગાંધીનગર તા ૧૭

શહેરમાં સે-૨૮ સ્થિત જી આઈ ડી સી વિસ્તારમાં ઉભરાતી ગટરોની સમસ્યાને હલ કરવા માટે ગ માર્ગને જોડતી ગટર લાઈનનુ કામ શરૂ કરી દેવાયુ છે.જેના લીધે આગામી બે મહીનામાં જી આઈ ડી સી વિસ્તારની જુની અને જટીલ સમસ્યાનો અંત આવશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૫૦ લાખનો ખર્ચ થશે. જયારે નજીકમાં સ્થિત આદિવાડા ગામમાં પણ ગટરલાઈનની ફરિયાદોનુ પણ નિરાકરણ આવશે.

શેહરના જી આઈ ડી સી વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ગટરોનુ દુષિત પાણી ઉભરાતુ હોવાનુ ફરિયાદો સ્થાનિકો માટે શિરદર્દનુ કારણ બની છે. જેના લીધે આ વિસ્તારમાં ગંદકીનુ સામ્રાજય જોવા મળે છે. જયારે વારંવાર ગટરલાઈન ઉભરાતા દુષિત પાણી ઉભરાતા ગંદકી ખદબદતા સ્થાનિક વેપારીઓ અને મુલાકતીઓમાં પણ રોષની લાગણી વ્યાપી છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા આ વિસ્તારમાં ગટર લાઈનની સમસ્યાને હલ કરવા માટે ગ માર્ગને જોડતી નવી લાઈન નાંખવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. આ કામગીરીના અંતે આ વિસ્તારમાં ગટર લાઈનની સમસ્યા હલ થશે. જયારે વર્ષો જુની સમસ્યાનો અંત આવશે. આ સાથે આદિવાડા ગામમાં પણ ગટર સંબંધિત ફરિયાદોનો નિકાલ થશે. આ માટે લાઈનની ક્ષમતા વધારવા માટે ગટરલાઈનને ગ માર્ગ સાથે જોડાણ કરવામાં આવશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૫૦ લાખનો ખર્ચ થશે. જયારે આગામી માર્ચના અંત સુધીમાં કામગીરી પુર્ણ કરી દેવાશે.

# લગ્નસરાની સિઝનના લીધે સલામત સવારીની સેવા પર વિપરિત અસર

### લગ્નવર્ધીમાં બસ દોડતા અપડાઉન કર્તાઓને સમયસર બસ મળતી નથી

ગાંધીનગર તા ૧૭

શહેરમાં લગ્નસરાની મોસમ નિખરતા એસ ટી ની સલામત સવારી પ્રભાવિત થઈ છે. અલબત્ત શહેરી બસ સેવામાં રોજબરોજ અપડાઉન કરતા મુસાફરોને સમયસર બસ સેવા નસીબ થતી નથી. ગાંધીનગર ડેપો દ્વારા પણ લગ્નવર્ધિ માં બસ ફાળવી દેવાતા શહેરી બસ સેવા માટે નાગરિકોએ કલાકો સુધી વલખા મારવાનો વારો આવ્યો હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે.

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા શહેરી બસ સેવાને અનુલક્ષી નિયત રૂટમાં અપડાઉનકર્તાઓને ધ્યાને લઈ બસો દોડાવામાં આવી રહી છે. આમછતા આડા દિવસોમાં પણ સલામત સવારી નિયમિત રૂપે અને સમયસર ન મળતી હોવાની ફરિયાદો વારંવાર ઉઠવા પામે છે. ત્યારે લગ્નસરાની મોસમ વચ્ચે એસ ટી બસ સેવા પર વિપરિત અસર થવા પામી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. ગાંધીનગર અમદાવાદ રૂટ વચ્ચે અપડાઉન કરતા મુસાફરો ઉપરાંત અન્ય બસ સેવામાં પણ કાપ મુકાયો હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે.

ડેપો કક્ષાએથી રોજબરોજ ૧૦ જેટલી બસ લગ્નસરાની સિઝનમાં દોડતી હોવાનુ ધ્યાને આવ્યુ

● અનુસંધાન પાન-૭ પર













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com